## સંક્ષિપ્ત સમાચાર

### શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામે વૃક્ષછેદન મામલે ઉપસરપંચ દોષિત

**શિનોર :** શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામમાં બિનપરવાનગી રીતે આશરે 50 વર્ષ જૂના આંબાના ઝાડનું કાપકામ કરવામાં આવ્યું હોવાના મામલે મામલતદાર તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ શિનોરે ગામના ઉપસરપંચ સહિત ત્રણ જણાને કસૂરવાર ઠેરવી રૂ.500નો દંડ ફટકાર્યો છે. આ ઘટનાને પગલે ઉપસરપંચ સામે ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી થઇ શકે તેવી ચર્ચા શિનોર પંથકમાં ચાલી રહી છે. મળતી માહિતી મુજબ મોટા ફોફળીયા ગામના જાગૃત નાગરિક વસાવા રમેશભાઈ કાનજીભાઈએ જુલાઈ 2025માં મામલતદાર તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, શિનોર સમક્ષ અરજી કરી હતી. જેમાં મોટા ફોફળીયાથી બીથલી જવાના માર્ગ પર તળાવની પાળ પાસે આવેલ આશરે 50 વર્ષ જૂનું આંબાનું ઝાડ કોઈપણ પ્રકારની મંજૂરી વિના કાપી તેના લાકડાનું વેચાણ ગામના ઉપસરપંચ દ્વારા કરાયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અરજીના આધારે કેસની નોંધણી કરીને પક્ષકારોને નોટિસ પાઠવી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સ્થળ તપાસ માટે તલાટી કમ મંત્રી, મોટા ફોફળીયાનો અહેવાલ તેમજ રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે જાણવા મળ્યું કે આંબાના ઝાડની ડાળીઓ કાપવામાં આવી હતી.

### કેશુડાના ફૂલ તોડવા જતા વીજ કરંટ લાગતા 29 વર્ષીય યુવકનું ઘટના સ્થળે કરુણ મોત

**સાવલી :** સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે રહેતો 29 વર્ષીય યુવક ધુળેટી પર્વ નિમિત્તે કેશુડાના ફૂલ તોડવા જતા વિચ કરંટ લાગતા ઘટના સ્થળે કરુણ મૃત્યુ નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ સાવલી તાલુકાના ગામે રહેતા જગદીશ કુમાર રંગીત ભાઈ ગોહિલ રહે ટેકરા વાળુ ફળિયુ સાંઢાસાલ તા ડેસર જી વડોદરા ધુળેટી પર્વ નિમિત્તે પોતાના મિત્રો સાથે ધુળેટી ની ઉજવણી કરવા માટે નીકળ્યો હતો તેવામાં તુલસીપુરા ગામની સીમમાં કેસુડાના ઝાડ પર કેસુડાના ફૂલ તોડવા ચડ્યો હતો તેવામાં ફૂલ તોડતી વેળાએ કેસુડા ની ડાળી ઈલેક્ટ્રીક વાયરને અડકી જતા વીજ કરંટ લાગતા જગદીપ ગોહિલ નું ઘટના સ્થળે કરુણ મૃત્યુ નિપજ્યું હતું બનાવના પગલે સમગ્ર પંથકમાં સન્નાટો મચી જવા પામ્યો હતો બનાવવાની જાણ સાવલી પોલીસને થતા ઘટના સ્થળે પહોંચી મૃતકના શબ નો કબજો લઈ પીએમ કરાવવા તજવીજ હાથ ધરી હતી અને મૃતકના સબને મૃતકના પરિવારોને સોંપવા તજવીજ હાથ ધરી હતી સાવલી પોલીસે અકસ્માત મોત રજીસ્ટર કરી તપાસ હાથ ધરી છે.

### જિલ્લા પંચાયતની નસવાડી અને વઘાચ સામન્ય બેઠકો કરવામાં આવી

**નસવાડી :** નસવાડી તાલુકાની જિલ્લા પંચાયત ની નસવાડી અને વઘાચ બેઠક નો અગાઉ નો હુકમ જિલ્લા ચૂંટણી અધિકારીએ રદ્દ કરીને નવો હુકમ કરતા બન્નેવ બેઠકો સામન્ય બેઠકો કરવામાં આવી ચૂંટણી લડવા થનગનતા ઉમેદવારો ના અરમાન રોળાયા. નસવાડી બક્ષીપંચ ની બેઠક ફાળવવામાં આવી હતી તેને બદલી ને સામન્ય બેઠક કરવામાં આવી. વઘાચ બેઠક અનુસૂચિત આદિજાતિ માટેની ફાળવી હતી તેને સામન્ય કરવામાં આવી જ્યારે એક મહિનામાં બે અલગ અલગ પરિપત્રો આવતા લોકો ગૂંચવાયા. છોટાઉદેપુર જિલ્લાનો નસવાડી તાલુકો અતિ પછાત તાલુકો છે અને નસવાડી ટાઉન ની જિલ્લા પંચાયત બેઠક માટે અગાઉ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જે પરિપત્ર સીટ ની બહાર પાડવામાં આવ્યો હતો તેમાં નસવાડી ની જિલ્લા પંચાયત બેઠક બક્ષીપંચ ની રાખવામાં આવી હતી પરંતુ થોડા જ દિવસો માં બીજો પરિપત્ર તારીખ 3/3/2026 ના રોજ બહાર પાડવામાં આવ્યો જેમાં નસવાડી ટાઉન ની બેઠક સામાન્ય મહિલા કરી દેવામાં આવી જ્યારે નસવાડી તાલુકાના વઘાચ જિલ્લા પંચાયત બેઠક અગાઉ અનુસૂચિત આદિજાતિ બેઠક ફાળવવામાં આવી હતી પરંતુ નવા પરિપત્ર માં હાલ સામાન્ય બેઠક કરવામાં આવતા ગુજરાત ચૂંટણી પંચ ના બે બે પરિપત્રો ને લઈને લોકો માં અચરચ ફેલાયો છે.

### અનસૂયા માતા પૂજારી પ્રગતિ મંડળ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું આયોજન



**શિનોર :** શિનોર તાલુકાના અંબાલી ગામ પાસે નર્મદા નદીના કિનારે આવેલ મહાસતી અનસૂયા માતાજીના મંદિર ખાતે રામેશ્વર સુંદરકાંડ પરિવાર બોરિયાદ અને અનસૂયા માતા પૂજારી પ્રગતિ મંડળ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર વર્ષથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા બટુકોને વૈદિક અને ધાર્મિક વિધિ મુજબ યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા. સવારના 8 વાગ્યાથી શરૂ થયેલો કાર્યક્રમ સાંજના 4 વાગ્યા સુધી ચાલ્યો હતો. ત્યારબાદ મંદિરના પરિસરમાંથી ભવ્ય બટુક યાત્રા નીકળી હતી. કાર્યક્રમ દરમિયાન મહાપ્રસાદીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

### સંખેડા કોંગ્રેસે મામલતદારને આવેદનપત્ર આપ્યું: જિલ્લા પંચાયતની 4 બેઠક પુનઃસ્થાપિત કરવા માગ



**સંખેડા :** સંખેડા કોંગ્રેસના કાર્યકરોએ જિલ્લા પંચાયતની બેઠકોની ફાળવણીમાં થયેલા કથિત અન્યાય સામે મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યું છે. તેમની મુખ્ય માંગ સંખેડા તાલુકામાં જિલ્લા પંચાયતની અગાઉની ચાર બેઠકો પુનઃસ્થાપિત કરવાની છે. રાજ્ય ચૂંટણી આયોગ સચિવાલય, ગાંધીનગર દ્વારા 25 ફેબ્રુઆરી, 2026ના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, સંખેડા તાલુકામાં જિલ્લા પંચાયતની ચાર બેઠકો મુજબ, સંખેડા તાલુકામાં જિલ્લા પંચાયતની ચાર બેઠકો હતી. જોકે, 3 માર્ચ, 2026ના રોજ જાહેર કરાયેલા નવા નોટિફિકેશનમાં આ બેઠકો ઘટાડીને માત્ર ત્રણ કરી દેવામાં આવી છે, જે તાલુકા માટે અન્યાયકર્તા હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે. 25 ફેબ્રુઆરી, 2026ના નોટિફિકેશન મુજબ, બેઠકોની ફાળવણી આ પ્રમાણે હતી: બહાદરપુર-2 (સામાન્ય સ્ત્રી), પરવટા-23 (સા. અને શૈ. પછાત વર્ગ - સ્ત્રી), સંખેડા-26 (અનુસૂચિત આદિજાતિ-સ્ત્રી).પરંતુ, 3 માર્ચ, 2026ના રોજ પ્રસિદ્ધ થયેલા નવા જાહેરનામામાં બેઠકોની ફાળવણી બદલાઈ ગઈ છે.

---

**આદિવાસી બહેનો પણ એક સરખી ઓઢણીયો પહેરે છે અને મોટા મોટા ઢોલના તાલે વાસળીના સુરે આદિવાસી લોક નૃત્ય કરે છે**

# ક્વાંટમાં વિશ્વ પ્રસિદ્ધ ગેરના મેળામાં માનવ મેદની ઉમટી

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.6

છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસીઓ નો સૌથી પ્રિય એવા હોળીના તહેવારને લઈને આદિવાસી સંસ્કૃતિ ની ઓળખ સમા મેળાઓ ભરાય છે જેમાં જિલ્લામાં હોળી બાદ ત્રીજા દિવસે ભરાતો ક્વાંટનો ગેર નો મેળો વિશ્વ પ્રસિદ્ધ છે જેમાં ગુજરાત મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ સહિત દેશ વિદેશના પર્યટકો ગેરના મેળા નો આનંદ માનવા આવે છે અને આદિવાસી રહેલી કરની પહેરવેશ અને તેઓ દ્વારા મેળામાં આનંદ માણવાની કૃતિઓ કેમેરામાં કંડારે છે અને લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.



ક્વાંટમાં પરંપરાગત હોળી ના ત્રીજા દિવસે ભરાતો ગેરનો મેળો જેમાં લાખોની સંખ્યામાં માનવ મેદની આદિવાસી લોક નૃત્ય નિહાળવા અને લોક નૃત્ય કેમેરામાં કેદ કરવા માટે આવે છે જેથી કરીને વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ ગોઠવવામાં આવ્યો હોળીના ત્રીજા દિવસ એટલે તારીખ 06/03/ 2026 ના આજરોજ ક્વાંટમાં ઐતિહાસિક પરંપરાગત આદિવાસી મેળો યોજાયો જેમાં મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને ગુજરાત આમ ત્રણે રાજ્યના આદિવાસી ભાઈ બહેનો ગેર મેળામાં પરંપરાગત આદિવાસી લોક નૃત્ય કરવા તેમજ મેળાની મજા માણવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા આદિવાસી લોક નૃત્ય નિહાળવા અને કેમેરામાં કેદ કરવા માટે વિદેશી પર્યટકો આવ્યા હતા.

ગેરના મેળામાં પૂર્વ તૈયારી ના ભાગરૂપે ઘેરીયાઓ શરીર પર ગોળ ટપકા કરે છે જે પાચમ સુધી તેઓ તે શરીર પર ગોળ સફેદ ટપકા પરંપરાગત રીતે રાખવામાં આવે છે. ગેરના મેળામાં લોક નૃત્ય કરે છે જે શરીર પર ગોળ સફેદ ટપકા હોય છે કમરે મોટા મોટા ઘુઘરા લટકાવેલા હોય છે માથા પર મોરના પીછા મુગટ હોય છે પગમાં પણ ઘૂઘરા પહેરતા હોય છે આદિવાસી બહેનો પણ એક સરખી ઓઢણીયો પહેરે છે અને મોટા મોટા ઢોલના તાલે વાસળીના સુરે આદિવાસી લોક નૃત્ય કરતા હતા. મેળામાં વાસળીના સુરે લોક નૃત્ય કરતા ગામના ભાઈ બહેનો જો એક જ ટોળામાં તાલથી તાલ મિલાવીને વાસળીના સુરે સુંદર નૃત્ય કરતા જોવા મળ્યા જે ગ્રામજનો તથા બહારથી આવેલ મહેમાન ગીરનીયા મેળાની મજા માણી હતી તંત્ર દ્વારા લોખંડી પોલીસ બંદોબસ્ત નું આયોજન કરવામાં આવ્યું હતું.

---

**પોલીસ દોડી આવી, ટ્રાફિક વ્યવસ્થા સંભાળી, માર્ગ આંશિક બંધ**

# પાદરા પાસે પથ્થર ભરેલી ટ્રક પલટી, ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

**મહાકાળી મંદિર** નજીક અકસ્માત બાદ રસ્તા પર પથ્થરો ફેલાતા ટ્રાફિક જામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા જિલ્લાના પાદરા ખાતે મહાકાળી મંદિર નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે પથ્થર ભરેલી ટ્રક પલટી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



મળતી માહિતી મુજબ પાદરા નજીક મહાકાળી મંદિર પાસેથી પસાર થઈ રહેલી પથ્થર ભરેલી ટ્રકનો ચાલક અચાનક વાહન પરનો કાબૂ ગુમાવતા ટ્રક રસ્તા પર પલટી ગઈ હતી. ટ્રક પલટી જતા તેમાં ભરેલા પથ્થરો રસ્તા પર ફેલાઈ ગયા હતા, જેના કારણે માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ટ્રક ચાલકને બહાર કાઢી સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાને પગલે માર્ગ પર થોડા સમય માટે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી અને માર્ગના એક ભાગને તાત્કાલિક બંધ કરીને વાહનોને વૈકલ્પિક માર્ગે દોરવામાં આવ્યા હતા.

---

### ઘરે જ અસલી મુગલઈ સ્વાદનો અનુભવ કરાવવા નવી મિશ્રિત મસાલાની શ્રેણી

વડોદરા: ભારતની મસાલા અને ફૂડ સોલ્યુશન્સ ક્ષેત્રે ઝડપથી વિકસતી કંપની પ્રવિણ મસાલેવાળાએ પોતાના પોર્ટફોલિયોમાં વિસ્તરણ કરતાં 'સુહાના નૂર' નામે મિશ્રિત મસાલાની નવી રેન્જ લોન્ચ કરી છે. આ નવી શ્રેણી ખાસ કરીને ઘરેલુ રસોઈમાં પરંપરાગત મુગલઈ વાનગીઓનો અસલી સ્વાદ અનુભવાય તે હેતુથી વિકસાવવામાં આવી છે. મુગલઈ ભોજન તેની ધીમા તાપે બનતી રસોઈ અને સમૃદ્ધ ગ્રેવી માટે જાણીતું છે. આ વાનગીઓમાં મસાલાના સંતુલિત મિશ્રણને મહત્વપૂર્ણ સ્થાન મળે છે. 'સુહાના નૂર' રેન્જનો ઉદ્દેશ ગ્રાહકોને એવી મસાલાની શ્રેણી પૂરી પાડવાનો છે, જેથી તેઓ ઘરે જ સરળતાથી મુગલઈ વાનગીઓ બનાવી શકે અને તેના અસલી સ્વાદનો આનંદ માણી શકે.

---

# ખાનપુરા કારવણ માર્ગથી વિદેશી દારૂ ભરેલી મહિન્દ્રા કાર ઝડપાઈ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.6

વડોદરા જિલ્લા પોલીસ વડા ના આદેશ અનુસાર અને ડભોઇ પોલીસ ની ટીમે બાતમી આધારે વોચ ગોઠવી છોટાઉદેપુર થી ડભોઇ થઈ વડોદરા તરફ વિદેશી દારૂ ભરી ને જતી મહિન્દ્રા XUV કાર ને ખાનપુરા કારવણ માર્ગ થી ચાલક રેઢી મૂકી ને ભાગી જતા પોલીસે ઝડપી પાડી હતી. કાર માં તપાસ કરતા વિદેશી દારૂના ક્વાર્ટરિયા અને બીયર ના ટીન મળી કુલ 1808 નો જથ્થો મળી આવ્યો હતો.

હોળી ધૂળેટી ના તહેવાર ને લઈ કાયદો વ્યવસ્થા ને ધ્યાન માં રાખી દારૂ ની બદી ને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા એ આદેશ કર્યો હતો. જેથી ઓપરેશન પ્રરાક્રમ હેઠળ ડભોઇ પોલીસે બાતમી આધારે થુવાવી



પાસે વોચ ગોઠવી હતી.ત્યારે છોટાઉદેપુર તરફે થી વિદેશી દારૂનો જથ્થો ભરી ને બોડેલી થી ડભોઇ થઈ થુવાવી પહોંચી હતી.ત્યારે વાહન ની આડસ કરી કાર ને રોકવા ઈશારો કરવા છતાં પોલીસ નો ઘેરો તોડી ચાલકે કાર હંકારી મૂકી હતી.ખાનપુરા માર્ગ થી કારવણ તરફ જતી કાર નો .ડભોઇ પી.આઈ.જે.એમ. ચાવડા એ ડી સ્ટાફ ના જવાનો ને સાથે રાખી પીછો કરી ખાનપુરા પાસે થી કાર ને ઝડપી પાડી હતી. પોલીસ પકડે એ પહેલા જ ખેપિયો માર્ગ ની બાજુ મા કાર ને રેઢી મૂકી ભાગી છૂટ્યો હતો.

---

# ચામેઠા-કલેડીયા રોડ પર બે બાઇક વચ્ચે અકસ્માત, 6 યુવાનો ઘાયલ, 5 ગંભીર

**અક્ષર જીનીંગ** નજીક અથડામણમાં બંને બાઇકોના ફુરચા ઉડી ગયા

(પ્રતિનિધિ) નસવાડી, તા.6

નસવાડી તાલુકાના ચામેઠા થી કલેડીયા રોડ પર અક્ષર જીનીંગ પાસે બે મોટરસાયકલ વચ્ચે સામસામે અથડામણ થતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કુલ 6 યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી 5 યુવાનોની હાલત નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે રાજપીપળા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ સાંજના સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી બે મોટરસાયકલ અક્ષર જીનીંગ નજીક સામસામે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બાઈકોના ફુરચા ઉડી ગયા હતા અને તેના પર સવાર છ યુવાનો રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પટકાયા હતા.

અકસાનમાં ઈજાગ્રસ્ત થયેલા યુવાનો અલગ-અલગ ગામના હોવાનું જાણવા મળ્યું છે. જેમાં નસવાડી ગામના મદનઝાંપા વિસ્તારના 3 યુવાનો, નસવાડી તાલુકાના ખોડિયા ગામનો 1 યુવાન, ઈટાલીયા ગામનો 1 યુવાન અને વાડીયા ગામનો 1 યુવાન સામેલ છે.

અકસાન બાદ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને નસવાડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓ ગંભીર હોવાને કારણે પ્રાથમિક સારવાર બાદ 5 યુવાનોને વધુ સારવાર માટે રાજપીપળા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા નસવાડી પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**21 ગામના લાભાર્થીઓને જાણ ન થતાં કેમ્પમાં નબળી હાજરી**

# પ્રચારના અભાવે સેગવા ખાતે સેવા સેતુ 2.0 કાર્યક્રમનો ફિયાસ્કો

**18માંથી** અનેક અધિકારીઓ ગેરહાજર, શાળાના વિદ્યાર્થીઓને બહાર બેસાડીને કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.6

શિનોર તાલુકાના સેગવા મુકામે આયોજિત સેવા સેતુ 2.0 કાર્યક્રમ પ્રચાર અને પ્રસાર વગર યોજાતા તેનો ફિયાસ્કો થયાનો આક્ષેપ સામે આવ્યો છે. કાર્યક્રમમાં 21 ગામોના લાભાર્થીઓને લાભ આપવા માટે કેમ્પ યોજાયો હતો, પરંતુ અગાઉથી માહિતી ન આપતા લાભાર્થીઓની હાજરી ઓછી રહી હતી.

સેગવા ગામની પ્રાથમિક શાળામાં મામલતદાર મુકેશ જે. બારિયા તથા ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી જૈમીની પટેલની રાહબરી હેઠળ આ કેમ્પ યોજાયો હતો. સેવા સેતુ કાર્યક્રમ હેઠળ સરકારની વિવિધ 53 સેવાઓ માટે સંબંધિત 18 અધિકારીઓની હાજરી ફરજિયાત હોય છે, પરંતુ ઘણા અધિકારીઓ કેમ્પ સ્થળે હાજર રહ્યા નહોતા તેવી ફરિયાદો ઉઠી છે.

આ કાર્યક્રમમાં કુલ 21 ગામોના લાભાર્થીઓને આવવાની જાણ



કરવાની હોય છે, પરંતુ ઘણા ગામોમાં સંપર્ક કરતા જાણવા મળ્યું કે સેવા સેતુ કાર્યક્રમ અંગે કોઈ માહિતી આપવામાં આવી નહોતી. પરિણામે કાર્યક્રમમાં નબળી હાજરી જોવા મળી હતી.

કેમ્પ દરમિયાન આધાર કાર્ડ કાઉન્ટર પર પણ અરજદારો લાંબા સમય સુધી લાઈનમાં ઊભા રહ્યા હોવાની ફરિયાદ સામે આવી હતી.

---

### મહીસાગર માતાજી પરિક્રમાવાસીઓનું જાસપુર ખાતે આગમન



(પ્રતિનિધિ) પાદરા. તા. 6

વહેરાખાડી સ્થિત શ્રી હનુમંતકુંજ પરમાર્થ આશ્રમથી નીકળેલ મહીસાગર માતાજીની પરિક્રમા આ વર્ષે સતત ૧૫મા વર્ષે શરૂ કરવામાં આવી છે. તા. ૪ માર્ચે શરૂ થયેલી આ પવિત્ર પરિક્રમાના બીજા દિવસે પદયાત્રીઓનું પાદરા તાલુકાના જાસપુર ગામે હનુમંતિયા મંદિર ખાતે આગમન થતાં ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી હનુમંતકુંજ પરમાર્થ આશ્રમના શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી ગંગેશ્વરાનંદદાસજી મહારાજની પ્રેરણાથી દર વર્ષે મહીસાગર માતાજીની પરિક્રમાનું આયોજન કરે છે.

---

**કાર્યવાહી નહીં થતાં આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે**

# પાવડા નવાપુરા સરકારી જમીન પર કબજાનો મામલો ઉગ્ર બન્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.6

પાદરા તાલુકાના પાવડા નવાપુરા મુકામે આવેલી ગાયકવાડ સરકાર સમયની ફાજલ પડેલી સરકારી જમીન પર વર્ષોથી ગેરકાયદેસર કબજો થયાનો મુદ્દો ફરી ઉગ્ર બન્યો છે. આ જમીન ડબકા ગામને અડીને આવેલી હોવાનું જણાવાય છે. સર્વે નં. ૪૦૩ પૈકીની ૧૧૩-૯૫-૯૯ વાળી સરકારી જમીન પર કેટલાક માથાભારે તત્વો દ્વારા વર્ષોથી કબજો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ અંગે પાવડા નવાપુરા ગામના સામાજિક કાર્યકર રાહુલભાઈ દશરથસિંહ પરમાર દ્વારા કલેક્ટર કચેરી સહિત વિવિધ ઉચ્ચ અધિકારીઓને અનેકવાર



લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. તેમના કહેવા મુજબ, સરકારી જમીન પરના કબજાના કારણે ગામના પશુધનને ચરાવવા તેમજ ઘાસચારા માટે ભારે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. જેના કારણે દૂધના ધંધા પર પણ અસર પડી રહી છે અને પશુપાલકોને પશુઓ માટે દૂર દૂર સુધી વણકા મારવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. રાહુલ પરમારે 28-08-2025ના રોજ કલેક્ટર વડોદરાને લેખિતમાં અરજી આપી જમીન પરથી ગેરકાયદેસર કબજો દૂર કરાવવા માંગ કરી હતી. આ રજૂઆતના આધારે કલેક્ટર દ્વારા ૦૩-૧૧-2025ના રોજ મામલતદાર પાદરાને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. ત્યારબાદ પ્રાંત અધિકારી વડોદરા ગ્રામ્યને પણ સ્થળ તપાસ કરી દબાણ હોય તો લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની દરખાસ્ત મોકલવા સૂચના આપવામાં આવી હતી. આ મામલે અરજદારે ગાંધીનગર સ્થિત મહેસૂલ વિભાગ સુધી પણ રજૂઆત કરી હતી.

---

### ક્ષત્રિય સેવા સમાજ પાદરા દ્વારા ત્રીજો વિનામૂલ્યે સમૂહ લગ્નોત્સવ યોજાયો

**પાદરા :** મહુવડ ખાતે ક્ષત્રિય સેવા સમાજ પાદરા દ્વારા ત્રીજો વિનામૂલ્યે સમૂહ લગ્નોત્સવ, ૨૩ યુગલો વૈવાહિક જીવનમાં બંધાયા પાદરા તાલુકાના મહુવડ ગામે ક્ષત્રિય સેવા સમાજ પાદરા તથા વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પાદરાના પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢિયારના સંયુક્ત આયોજન હેઠળ ૨૩ દીકરીઓના વિનામૂલ્યે ત્રીજા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ જનમેદનીની હાજરીમાં યોજાયેલા આ સમૂહ લગ્નોત્સવમાં ૨૩ યુગલો વૈદિક વિધિ સાથે લગ્નગ્રંથીથી બંધાઈ પોતાના નવા જીવનની શરૂઆત કરી હતી.

---

**શ્રીમતી એસ.કે. દેસાઈ, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ડેસરની કોર્ટમાં**

**જાહેર નોટીસ** — જન્મ/મરણ અરજી નં. 11/2026

અરજદાર : રણા તન્વીકા પીનલભાઈ - હાલ રહે. સી-7 શ્રીજી ચરણ સોસાયટી, ગુરુદ્વારાની પાછળ, સુમુલ ડેરી રોડ, સુરત, સીટી, કતારગામ, સુરત-395004 રહે. નવા શિહોરા તા. ડેસર જિ. વડોદરા

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, શિહોરા ગ્રામ પંચાયત, તા. ડેસર, જિ. વડોદરા

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, જન્મ-મરણ નોંધણી અધિનિયમ-1969ની કલમ-13(3) હેઠળનીઆ કામના અરજદારશ્રી રણા તન્વીકા પીનલભાઈ હાલ રહે. સી-7 શ્રીજી ચરણ સોસાયટી, ગુરુદ્વારાની પાછળ, સુમુલ ડેરી રોડ, સુરત, સીટી કતારગામ, સુરત-395004 રહે. નવા શિહોરા તા. ડેસર જિ. વડોદરાએ પોતે નામ રણા તન્વીકા પીનલભાઈનું જન્મ તા. 26-01-2003ના રોજ મોજે નવા શિહોરા તા. ડેસર, જી. વડોદરા ખાતે થયેલ હતું. આ બાબતની નોંધણી જે તે વખતે શરતચુકથી રહી ગયેલ હોય તે સામેવાળાના દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદર હું અરજી સામે કોઈને જે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધિની તારીખથી દિન-30માં અત્રેની કોર્ટમાં કામકાજના દિવસોએ કચેરી સમય દરમ્યાન જાતે અથવા પ્રતિનિધિને હાજર રાખી લેખિતમાં પુરાવા સાથે રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો આ કામ અરજદારના રજુ પુરાવા ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. 25/02/2026ના રોજ સહી અને કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ડેસર